બંગાળની ખાડીમાં નવી સિસ્ટમથી રાજ્યમાં ફરી વરસાદી માહોલની આશા

17થી 19 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની ચેતવણી

16થી 21 જુલાઈ દરમિયાન રાજ્યભરમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

ક્યાં કેટલો સરેરાશ વરસાદ

દક્ષિણ ગુજરાતમાં અત્યાર સુધી સૌથી વધુ 535.27 મી.મી. એટલે કે મોસમી સરેરાશનો 34.71 ટકા વરસાદ નોંધાયો છે. ત્યારબાદ સૌરાષ્ટ્રમાં 210.54 મી.મી. (27.62 ટકા), પૂર્વ-મધ્ય ગુજરાતમાં 141.74 મી.મી. (17.31 ટકા) અને ઉત્તર ગુજરાતમાં 103.18 મી.મી. (14.13 ટકા) વરસાદ નોંધાયો છે. જ્યારે કચ્છમાં માત્ર 10.40 મી.મી. એટલે કે 2.08 ટકા વરસાદ નોંધાતા રાજ્યમાં સૌથી ઓછો વરસાદ આ વિસ્તારમાં નોંધાયો છે. જિલ્લાવાર આંકડાઓમાં ડાંગમાં 868 મી.મી., નવસારીમાં 819 મી.મી., વલસાડમાં 782 મી.મી., સુરતમાં 671 મી.મી., જૂનાગઢમાં 453 મી.મી., તાપીમાં 439 મી.મી. અને ગીર સોમનાથમાં 413 મી.મી. વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર: બંગાળની ખાડીમાં સર્જાયેલા નવા લો-પ્રેશર એરિયા અને ઉત્તર ગુજરાત પર સક્રિય અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદી માહોલ ફરી સક્રિય થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે 16થી 21 જુલાઈ દરમિયાન ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. સાથે જ 17થી 19 જુલાઈ દરમિયાન અરબી સમુદ્રમાં પવનની ગતિ વધવાની અને દરિયો તોફાની રહેવાની સંભાવના વ્યક્ત કરતાં માછીમારોને આ સમયગાળા દરમિયાન દરિયો ન ખેડવા તથા જરૂરી સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગના અંદાજ મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલું લો-પ્રેશર એરિયા આગામી બે દિવસમાં વધુ મજબૂત બની 'વેલ માર્કડ લો-પ્રેશર'માં પરિવર્તિત થવાની શક્યતા છે, જેના કારણે ગુજરાતમાં ચોમાસું ફરી સક્રિય બનવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન ઉપર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન યથાવત છે, જ્યારે 19 જુલાઈથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં નવી પશ્ચિમ વિક્ષેપ સિસ્ટમ પણ સક્રિય થવાની શક્યતા છે. જેના કારણે આગામી દિવસોમાં વરસાદની પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન દ્વારા ટિકિટ ચેકિંગ સ્ટાફ માટે નવા ટાર્ગેટ

શતાબ્દી, વંદે ભારત ટ્રેનોમાં પણ રોજ વિના ટિકિટના 5 કેસ કરો

ગંદકી ફેલાવનારા, અનધિકૃત ફેરિયાઓ,મહિલા કોચમાં ઘૂસણખોરો સામે પણ કડક કાર્યવાહી કરાશે

સુરત સ્ટેશન માટેનો ટાર્ગેટ

રેલવે સ્ટેશનો પર તૈનાત ટિકિટ ચેકિંગ સ્ટાફ માટે પણ અલગ-અલગ ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. મુખ્ય સ્ટેશનો સુરત, ઉધના, વલસાડ અને વાપી સ્ટેશન પર ફરજ બજાવતા સ્ટાફે દરરોજ 15 વગર ટિકિટના કેસ, કુલ 20 કેસ અને 7 હજાર રૂપિયા દંડ વસૂલવાનો રહેશે. અન્ય નોન-સબ-અર્બન સ્ટેશનો પર દરરોજ 10 વગર ટિકિટના કેસ, કુલ 15 કેસ અને 5 હજાર રૂપિયા દંડનો ટાર્ગેટ રહેશે. મુંબઈ સેન્ટ્રલ અને સુરત સ્લીપર સેક્શનના કર્મચારીઓ માટે દરરોજ 10 વગર ટિકિટના કેસ, કુલ 15 કેસ અને 6 હજાર રૂપિયા દંડનું લક્ષ્ય નક્કી કરાયું છે.

સુરત: પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન દ્વારા નાણાકીય વર્ષ 2026-27 માટે ટિકિટ ચેકિંગ સ્ટાફ (TTE) અને ટિકિટ તપાસ દળો માટે નવા દૈનિક ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યા છે. નવા નિર્દેશો અનુસાર, હવે રાજધાની, શતાબ્દી, વંદે ભારત અને દુરંતો જેવી દેશની પ્રીમિયમ ટ્રેનોમાં તૈનાત TTEએ પણ દરરોજ ઓછામાં ઓછા 5 વગર ટિકિટના (WT) કેસ, કુલ 10 કેસ અને 10 હજાર રૂપિયાનો દંડ વસૂલવાનો ટાર્ગેટ પૂરો કરવો પડશે. આ સાથે જ ટિકિટ વગર મુસાફરી કરનારાઓ ઉપરાંત ટિકિટની ગેરકાયદે બદલી (ટ્રાન્સફર ટિકિટ), અનધિકૃત ફેરિયાઓ, દબાણ, મહિલા કોચમાં ગેરકાયદે પ્રવેશ, ધૂમ્રપાન અને ગંદકી ફેલાવવા જેવા કેસોમાં પણ કડકાઈ વધારવામાં આવશે.

લોકલ અને એસી લોકલ સ્કવોડે દરરોજ 20 વગર ટિકિટના કેસ, કુલ 25 કેસ અને 10 હજાર રૂપિયા દંડ વસૂલવાનો રહેશે. સબ-અર્બન ફ્લાઈંગ સ્કવોડે દરરોજ 25 વગર ટિકિટના કેસ, કુલ 40 કેસ અને 25 હજાર રૂપિયા દંડની વસૂલાત કરવાની રહેશે. નોન-સબ-અર્બન ફ્લાઈંગ સ્કવોડે દરરોજ 30 વગર ટિકિટના કેસ, કુલ 45 કેસ અને 30 હજાર રૂપિયા દંડ વસૂલવાનો રહેશે.

રેલવે પ્રશાસને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે, 'જન વિશ્વાસ (સુધારા જોગવાઈ) અધિનિયમ-2026' હેઠળ ટિકિટની ગેરકાયદે હેરાફેરી, અનધિકૃત ફેરિયાઓ, રેલવે પરિસરમાં દબાણ, ગેરકાયદે પાર્કિંગ, મહિલા કોચમાં પુરુષોનો ગેરકાયદે પ્રવેશ, ધૂમ્રપાન અને ગંદકી ફેલાવવા જેવા મામલાઓમાં કાર્યવાહી કરવામાં આવે.

જન્મદિવસે પણ મુખ્યમંત્રી જનસેવામાં વ્યસ્ત રહ્યા

મુખ્યમંત્રીએ મંત્રીમંડળ બેઠકથી લઈને ગિફ્ટ સિટીના પ્રોજેક્ટ્સની સ્થળ સમીક્ષા સુધી દિવસભર કામગીરી કરી

ગાંધીનગર: સીએમ ભૂપેન્દ્ર પટેલે આજે પોતાના 65મા જન્મદિવસની ઉજવણીને વ્યક્તિગત કાર્યક્રમો સુધી મર્યાદિત રાખવાને બદલે જનસેવા અને સરકારી કામગીરીને પ્રાથમિકતા આપી હતી.

બુધવારે દિવસભર તેમણે રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સમીક્ષા બેઠકો યોજી, ફ્લેગશીપ પ્રોજેક્ટોની પ્રગતિની સ્થળ મુલાકાત લીધી અને રાજ્યના વિકાસલક્ષી કામોને વધુ ગતિ આપવા અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. પોતાના કાર્યપ્રતિ નિષ્ઠા અને જનહિતને સર્વોચ્ચ સ્થાન આપવાની તેમની કાર્યશૈલીનો આ વધુ એક દાખલો માનવામાં આવી રહ્યો છે.

મુખ્યમંત્રીએ દિવસની શરૂઆત રાજ્ય મંત્રીમંડળની બેઠકથી કરી હતી. ત્યારબાદ શહેરી વિકાસ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સર્વગ્રાહી કામગીરીની સમીક્ષા કરીને વિવિધ યોજનાઓના અમલીકરણ, જનસુવિધાઓના વિસ્તરણ અને વિકાસલક્ષી કાર્યક્રમોની પ્રગતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. વિભાગીય અધિકારીઓને સમયબદ્ધ અને પરિણામલક્ષી કામગીરી માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

દિવસ દરમિયાન મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ અને દેશના અગ્રણી નાણાકીય કેન્દ્ર તરીકે વિકસી રહેલી ગિફ્ટ સિટીની પણ મુલાકાત લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, વિવિધ રાજ્યોના રાજ્યપાલો, મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ, જનપ્રતિનિધિઓ અને સમાજજીવનના અગ્રણી આગેવાનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી.

અનુસંધાન ... પાના છેલ્લાનું

'અશાંત ધારો...

કરી છે. જો તપાસ દરમિયાન કોઈ મિલકતનું ટ્રાન્સફર નિયમોનું ઉલ્લંઘન કરીને કરવામાં આવ્યું હોવાનું સામે આવશે તો તે ટ્રાન્સફરને રદ કરવામાં આવશે. આવા કિસ્સામાં ખરીદદારે છ મહિનાની અંદર ચૂકવેલી રકમ પરત મેળવી મિલકતનો કબજો મૂળ માલિકને પરત સોંપવાનો રહેશે.

ખાડીપૂરગ્રસ્તોમાં...

બેઝમેન્ટમાં આવેલી મિલકતોને આવરી લેવાની પ્રાથમિક વિચારણા ચાલી રહી છે. ખાડીના પાણી ઘરમાં અને દુકાનોમાં ઘૂસી જતાં હજારો પરિવારો અને વેપારીઓને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે. આવી સ્થિતિમાં તેમને આર્થિક રાહત મળે તે હેતુથી રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ નિર્ણય લેવાઈ રહ્યો હોવાનું જાણવા મળે છે. જેના અંતર્ગત આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ જાહેરાત કરી દીધી છે.આશરે 70 હજારથી વધુ મિલકતો અસરગ્રસ્ત હોવાથી આ પ્રસ્તાવ અમલમાં આવશે તો સુરત મહાનગર પાલિકાની વેરા આવકમાં 90 થી 100 કરોડથી વધુનો ફટકો પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુરતની તાપી...

નદી કિનારે રહેતા સ્થાનિકના જણાવ્યા મુજબ, હાલ તાપી નદીના આ પટમાં મગરોએ જાણે પોતાનો ડેરો જમાવ્યો હોય તેવી સ્થિતિ છે. તેમના જણાવ્યા અનુસાર, નદીમાં દેખાયેલા મગરોમાંથી એક મગર અંદાજે 10થી 12 ફૂટ લાંબો અને અત્યંત વિશાળકાય છે. જ્યારે અન્ય બે મગરોની લંબાઈ આશરે 7થી 8 ફૂટ જેટલી હોવાનું તેઓ કહે છે. છેલ્લા કેટલાક દિવસોથી આ મગરો નદીમાં તરતા તેમજ કિનારાની આસપાસ આંટા મારતા જોવા મળી રહ્યા હોવાથી સ્થાનિક લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, સુરતની તાપી નદીમાં મગરોની નિયમિત હાજરીનો કોઈ નોંધપાત્ર ઇતિહાસ નથી. ભૂતકાળમાં ઉપરવાસમાં ભારે પૂર આવ્યા બાદ ક્યારેક એકાદ-બે મગર દેખાયા હોવાની ઘટનાઓ સામે આવી હતી, પરંતુ એકસાથે ચારથી પાંચ મગરો જોવા મળ્યાનો આ સંભવતઃ પ્રથમ કિસ્સો છે.

ખોટા કામો...

કામગીરી અંગે તપાસ હાથ ધરી હતી. જેમાં કથિત રીતે અનેક ગેરરીતિ આવી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ આ વિવાદ શમ્યો ન હતો. એ વચ્ચે આજરોજ વલસાડ જિલ્લા કલેક્ટર નિતીન સાંગવાને આ કચેરીની મુલાકાત લઈ આ કચેરીના કમ્પ્યુટર પર કર્મચારી બીજાના આઈડીથી લોગ ઈન કરી કામ કરતા હોવાનું તેમજ કેટલાક કાર્યો ઓફલાઈન કરતા હોવાનું નજરે પડ્યું હતું. જેને લઈ કલેક્ટરે આ કચેરીને તાળું મારી દીધું હતું. તેમજ તેમની નીતિ રીતિ અંગે તપાસના આદેશ કર્યા હતાં. જેની તપાસ વલસાડના આરએસીને સોંપી છે. કલેક્ટર કચેરીમાં થયેલી આ કાર્યવાહીના પગલે સમગ્ર કલેક્ટર કચેરીમાં સોંપો પડી ગયો હતો. ખાણ ખનિજ વિભાગના કર્મચારીઓની પણ બોલતી બંધ થઈ ગઈ હતી. તેઓ પણ આ મુદ્દે ચૂપકીદી સેવીને બેસી રહ્યા હતા. જે તેમની કામગીરીમાં થયેલી ખોટની ચાડી પૂરી રહ્યા હતા.

UAEમાંથી...

અથવા અસ્થાયી પ્રવાસ દસ્તાવેજો જારી કરવામાં આવ્યાં હતાં. જોકે તેમના મૂળ પાસપોર્ટ, મોબાઈલ ફોન અને અન્ય વ્યક્તિગત સામાન હજુ સુધી તેમની પાસે પરત આપવામાં આવ્યા નથી, એમ એરપોર્ટ ઓથોરિટીના સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર ડિપોર્ટ કરાયેલા મુસાફરોમાં મોટાભાગના શ્રમિક વર્ગ સાથે સંકળાયેલા છે. તેઓ મુખ્યત્વે બિહાર, ઉત્તર પ્રદેશ અને પંજાબના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. રોજગારની આશાએ તેઓ યુએઈ ગયા હતા, પરંતુ વિવિધ કારણોસર સ્થાનિક નિયમોના ઉલ્લંઘનના કેસોમાં કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો.

સુમુલની ચૂંટણીમાં...

વાગ્યા સુધીમાં જ 100 ટકા મતદાન પૂર્ણ થઈ જતા મતપેટીઓ સીલ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ ચૂંટણી અધિકારીઓની દેખરેખ હેઠળ તમામ મતપેટીઓને સુમુલ ડેરીના સ્ટ્રોંગ રૂમમાં સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવી હતી. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ શાંતિપૂર્ણ રહી હતી. ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની ફરિયાદ નોંધાઈ નહોતી તેમજ ક્યાંય કોઈ સંઘર્ષ કે અણબનાવની ઘટના બની નહોતી તેમ ચૂંટણી અધિકારી એન. એન. સવાણીએ જણાવ્યું હતું. આગામી 17 જુલાઈ, શુક્રવારે સવારે 11 વાગ્યે સુમુલ ડેરીના બેન્કવેટ હોલમાં મતગણતરી હાથ ધરાશે. બપોરે 1 વાગ્યા સુધીમાં પરિણામો જાહેર થવાની શક્યતા છે.

ચૂંટણીમાં કુલ 710 નોંધાયેલા મતદારો પૈકી 704 મતદારોના મત માન્ય ગણાયા હતા. તેમાંથી 703 મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. માત્ર ઉમરપાડા બેઠક પર એક મતદારે મતદાન કરવાનું ટાળતાં ત્યાં 60માંથી 59 મત પડ્યા હતા, જ્યારે બાકીની તમામ 8 બેઠકો પર 100 ટકા મતદાન નોંધાયું હતું. સુમુલ ડેરીની કુલ 16 બેઠકોમાંથી 7 બેઠકો પર ભાજપ પ્રેરિત ઉમેદવારો ધારાસભ્ય સંદીપ દેસાઈ, સુમુલના પૂર્વ ચેરમેન રાજેશ ઉર્ફે રાજુભાઈ પાઠક, બળવંત પટેલ, ભરતસિંહ સોલંકી, અજીત પટેલ, જાલમસિંહ વસાવા અને રાજકુમાર આહિર બિનહરીફ ચૂંટાયા છે. હવે બાકીની 9 બેઠકોના પરિણામો રાજકીય સમીકરણો અને બળવાખોર ઉમેદવારોની તાકાતનો અંદાજ આપશે.

મહુવા,...

અને ધારાસભ્ય મુકેશ પટેલ હાજર રહ્યા હતા, જ્યારે ધારાસભ્ય સંદીપ દેસાઈએ મહુવા વિસ્તારમાં મુલાકાત લીધી હતી. રાજુભાઈ પાઠક માંડવી અને સોનગઢ બેઠક પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. બીજી તરફ કોંગ્રેસ પ્રેરિત પશુપાલક હિતરક્ષક પેનલના આગેવાનો મતદાન મથકો પર ખાસ જોવા મળ્યા નહોતા.

BDSમાં ઈન્ટર્નશિપ માટે હવે પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન જરૂરી નહીં

સુરત: દેશભરના બેચલર ઓફ ડેન્ટલ સર્જરી (BDS)ના વિદ્યાર્થીઓ માટે નેશનલ ડેન્ટલ કમિશનેમહત્ત્વપૂર્ણ અને રાહતભર્યો નિર્ણય લીધો છે. અત્યાર સુધી BDSનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ફરજિયાત એક વર્ષની કમ્પલસરી રોટેટરી ઈન્ટર્નશિપ શરૂ કરવા માટે રાજ્ય ડેન્ટલ કાઉન્સિલમાંથી પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન મેળવવું જરૂરી હતું. પરંતુ હવે આ જોગવાઈ સંપૂર્ણપણે દૂર કરવામાં આવી છે. એટલે કે BDS પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ હવે કોઈપણ રાજ્ય ડેન્ટલ કાઉન્સિલમાંથી પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન લીધા વિના સીધા જ ઈન્ટર્નશિપ શરૂ કરી શકશે. નેશનલ ડેન્ટલ કમિશને આ અંગે સત્તાવાર પરિપત્ર જાહેર કરીને દેશની તમામ રાજ્ય ડેન્ટલ કાઉન્સિલ, યુનિવર્સિટીઓ, ડેન્ટલ કોલેજો, હોસ્પિટલો અને સંબંધિત સંસ્થાઓને તાત્કાલિક અસરથી નવા નિયમનો અમલ કરવા સૂચના આપી છે.

કયા કયા...

(1) ડિસેક્ટર કાંતિભાઈ ગામિત,કોંગ્રેસના દિનેશ નારણ ગામિત,આમ આદમી પાર્ટીના અરવિંદ ગામિત,

(8) ઉમરપાડા : ભાજપના સત્તાવાર ઉમેદવાર અમીષ મણિલાલ વસાવા અને કોંગ્રેસના સોમજીભાઈ કોટિયાભાઈ વસાવા

(9) માંડવી: ભાજપના સીટિંગ ડિરેક્ટર રેસાભાઈ ચૌધરી અને કોંગ્રેસના રાકેશ મંગાભાઈ ચૌધરી

માંડવી બેઠક...

પક્ષના રાકેશભાઈ ચૌધરી ઉમેદવારો વચ્ચે સીધો જંગ જામ્યો હોવાથી સમગ્ર પંથકમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. આ બેઠક પર નોંધાયેલા તમામ 129 સભાસદે પોતાના મતાધિકારનો ઉપયોગ કરતાં 100 ટકા ઐતિહાસિક મતદાન નોંધાયું હતું.

વિશ્વ સાપ દિવસ: વલસાડમાં સાકાર થઈ રહ્યું છે દેશનું અદ્યતન સર્પ સંશોધન કેન્દ્ર

દ.ગુ.ના સાપોના ઝેરથી બનશે એન્ટી સ્નેક વેનમ

ઈન્ડિયન કોબરા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સો-સ્કેલ્ડ વાયપર જેવા ચાર અત્યંત ઝેરી સાપોના ઝેરનું સફળતાપૂર્વક લાયોફિલાઇઝેશન કરાયું

૪૭૧ ઝેરી સાપો સાથે સક્રિય સંશોધન

હાલમાં સંસ્થાનમાં ૪૭૧ ઝેરી સાપોનું સંરક્ષણ અને સંશોધન કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ઇન્ડિયન કોબરા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સો-સ્કેલ્ડ વાયપર જેવા ચાર અત્યંત ઝેરી સાપોના ઝેરનું સફળતાપૂર્વક લાયોફિલાઇઝેશન કરવામાં આવ્યું છે. આ ઝેર હવે એન્ટી સ્નેક વેનમ ઉત્પાદક કંપનીઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેના આધારે વિવિધ દવા અને ઇંજેક્શનો બનાવવામાં આવશે.

WHOની માર્ગદર્શિકા મુજબ ઝેર એકત્રિત કરવાની પ્રક્રિયા

સંસ્થાનમાં સાપોની પ્રજાતિ મુજબ અલગ સર્પગૃહોની રચના કરવામાં આવી છે. અહીં વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ની માર્ગદર્શિકા અનુસાર ઝેરી સાપોમાંથી ઝેર એકત્રિત કરવામાં આવે છે. ઝેરના સંશોધન માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેને લાયોફિલાઇઝ્ડ પાઉડરમાં રૂપાંતરિત કરવામાં આવે છે.

સ્થાયી કેમ્પસ માટે ૨.૨૫ હેક્ટર જમીન ફાળવાઈ

સર્પ સંશોધન સંસ્થાનનું કાયમી અને આધુનિક કેમ્પસ વિકસાવવા માટે ૨.૨૫ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે. સંસ્થાનના માર્ગદર્શન માટે ગુજરાત ફોરેસ્ટ્રી રિસર્ચ ફાઉન્ડેશન હેઠળ વિશેષ નેતૃત્વ ટીમ કાર્યરત છે. જેમાં ડો. બી. સુચિન્દ્રા (IFS) અધ્યક્ષ, ડો. ડી.સી. પટેલ ઉપાધ્યક્ષ અને લોકેશ ભારદ્વાજ (IFS) નિયામક તરીકે કામગીરી સંભાળી રહ્યા છે.

સુરત: દર વર્ષે 16 જુલાઈએ ઉજવાતા વિશ્વ સાપ દિવસનો મુખ્ય હેતુ સાપો પ્રત્યે લોકોમાં રહેલી ગેરમાન્યતાઓ દૂર કરવી, તેમનું સંરક્ષણ કરવું અને સર્પદંશથી થતાં મૃત્યુ ઘટાડવા માટે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવાનો છે. આ દિશામાં ગુજરાતના વલસાડ જિલ્લામાં કાર્યરત સર્પ સંશોધન સંસ્થાન દેશ માટે એક મહત્ત્વપૂર્ણ પહેલ તરીકે ઉભરી રહ્યું છે.

દક્ષિણ ગુજરાતમાં જંગલ વિસ્તાર અને ખેતીવાડી પ્રદેશોમાં રહેતા લોકો તથા ખેડૂતોને સર્પદંશનું જોખમ સતત રહે છે. વૈજ્ઞાનિક અભ્યાસો દર્શાવે છે કે અલગ-અલગ ભૌગોલિક વિસ્તારોમાં વસતા સાપોના ઝેરની રચનામાં તફાવત હોય છે. પરિણામે એક વિસ્તારમાં તૈયાર થયેલું એન્ટી સ્નેક વેનમ બીજા વિસ્તારમાં એટલું અસરકારક ન રહે.

આ જ પડકારને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં સર્પ સંશોધન સંસ્થાનની સ્થાપના કરવામાં આવી છે. સંસ્થાનનું મુખ્ય લક્ષ્ય ગુજરાતમાં મળતા ઝેરી સાપોમાંથી ઝેર એકત્રિત કરી તેને વૈજ્ઞાનિક રીતે લાયોફિલાઇઝ્ડ સ્વરૂપમાં તૈયાર કરવાનું છે. આ પાઉડર એન્ટી સ્નેક વેનમ ઉત્પાદક કંપનીઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી ગુજરાત સહિત પશ્ચિમ ભારત માટે વધુ અસરકારક 'રીજન સ્પેસિફિક' એન્ટી વેનમ તૈયાર થઈ શકે.

વિન્ટર શેડ્યૂલથી...

બંધ કરાયેલી તથા ઘટાડવામાં આવેલી ફ્લાઇટ્સનો મુદ્દો ભારપૂર્વક ઉઠાવવામાં આવ્યો હતો. ખાસ કરીને એર ઇન્ડિયા એક્સપ્રેસ દ્વારા બંધ કરાયેલી સુરત-દિલ્હી અને સુરત-બેંગલુરુ ફ્લાઇટ તેમજ ઇન્ડિગો દ્વારા ઘટાડવામાં આવેલી સેવાઓને આગામી વિન્ટર શેડ્યૂલથી પુનઃ શરૂ કરવા ઉદ્યોગકારોએ જોરદાર રજૂઆત કરવામાં આવી હતી.નવા વિમાનની ડિલિવરી મળતા વિન્ટર શિડ્યુલથી સુરતથી એર ઓપરેશન શરૂ કરવા આકાશા એરે તૈયારી દર્શાવી હતી.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ પ્રતિનિધિમંડળને હકારાત્મક આશ્વાસન આપતાં જણાવ્યું હતું કે એરલાઇન્સ સાથે સંકલન કરીને બંધ કરાયેલી ફ્લાઇટ્સને આગામી વિન્ટર શેડ્યૂલથી ફરી શરૂ કરવા પ્રયત્ન કરવામાં આવશે. આ ઉપરાંત સુરતમાંથી વધુ શહેરો માટે નવી હવાઈ સેવાઓ શરૂ કરવાની દિશામાં પણ કામગીરી હાથ ધરાશે. બેઠકમાં સુરત-મુંબઈ વચ્ચે સીધી હવાઈ સેવા વહેલી તકે શરૂ કરવા, સુરતને પુણે, ઇન્દોર, પટણા અને વારાણસી સાથે જોડતી ફ્લાઇટ્સ શરૂ કરવા તેમજ સુરત-કોલકાતા અને સુરત-ચેન્નાઈ રૂટ પર દૈનિક ફ્લાઇટ સેવા પુનઃસ્થાપિત કરવાની માંગ પણ કરવામાં આવી હતી. ચર્ચા દરમિયાન જો મિડલ ઈસ્ટમાં શાંતિપૂર્ણ સ્થિતિ યથાવત રહેશે તો આગામી વિન્ટર શેડ્યૂલથી અકાસા એર દ્વારા સુરત-મુંબઈ અને સુરત-અબુધાબી ફ્લાઇટ શરૂ કરવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી. ઉપરાંત હાલમાં બંધ રહેલી સુરત-દુબઈ, સુરત-શારજાહ અને સુરત-બેંગકોક ફ્લાઇટ્સ પણ ફરી શરૂ કરવા એરલાઇન્સ સકારાત્મક હોવાનું જણાવાયું હતું. ઉદ્યોગ સંગઠનોએ દુબઈ, અબુધાબી અને બેંગકોકથી આગળના આંતરરાષ્ટ્રીય ગંતવ્યો માટે સિંગલ PNR સાથે કોડ-શેર કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવા તેમજ મુસાફરોનું ઇમિગ્રેશન ક્લિયરન્સ સુરત એરપોર્ટ પરથી જ થઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરવાની પણ રજૂઆત કરી હતી. આ સુવિધા ઉપલબ્ધ થતાં સુરતના વેપારીઓ અને આંતરરાષ્ટ્રીય મુસાફરોને મોટો લાભ મળશે.

બેઠકમાં પ્રતિભા ગ્રુપના પ્રમોદ ચૌધરી અને અગ્રણી પ્રોસેસર્સ કૈલાશ હાકીમે સુરતની ઔદ્યોગિક, વેપારી અને નિકાસ પ્રવૃત્તિઓને વૈશ્વિક સ્તરે વધુ ગતિ આપવા મજબૂત હવાઈ કનેક્ટિવિટી અત્યંત જરૂરી હોવાનું જણાવ્યું હતું. ગુજરાત સરકારે સુરતમાં સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન જાહેર કર્યો છે. PM મિત્રા મેગા ટેક્સટાઇલ પાર્ક પણ સુરત નજીક નવસારીમાં તૈયાર છે.

સુરત ડાયમંડ બોર્સમાં વેપાર ગતિવિધિ તેજ બની રહી છે ત્યારે સુરતને દિલ્હી, બેંગલુરુ, કોલકાતા, હૈદરાબાદ, જયપુર, પટણાની ડોમેસ્ટિક કનેક્ટિવિટી અને સિંગાપોર, બેંગકોક, દુબઇ, અબુધાબીની ઇન્ટરનેશનલ કનેક્ટિવિટી આપવા માંગ કરવામાં આવી હતી. પ્રતિનિધિ મંડળે જો ભારતીય એરલાઇન્સ કંપનીઓ ઇન્ટરનેશનલ ફ્લાઇટ શરૂ કરવા બહુ ઉત્સુક ન હોય તો વિદેશી એરલાઇન્સ માટે બેલેટરલ અથવા પોઇન્ટ ઓફ કોલ જાહેર કરવા પણ માંગ કરવામાં આવી હતી. મંત્રાલય, એરલાઇન્સ અને સંબંધિત એજન્સીઓના સંકલનથી સુરતની હવાઈ સેવાઓમાં પ્રાથમિકતાના આધારે સુધારા કરવા સહમતિ વ્યક્ત કરવામાં આવી હતી.

આ બેઠકમાં સુરેશભાઈ રૂપા, પ્રતિભા ગ્રુપના પ્રમોદ ચૌધરી, ફોરટ્રાના કૈલાશ હાકિમ, વિનય અગ્રવાલ, ચેતન શાહ,શ્રીકાંત મુન્દ્રા, કુંજ સુલતાનિયા સહિત વિવિધ ઉદ્યોગ સંગઠનોના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

અંતે પ્રતિનિધિમંડળે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુનો સમય, માર્ગદર્શન અને હકારાત્મક અભિગમ બદલ આભાર વ્યક્ત કર્યો.

અનુસંધાન ... પાના પહેલાનું

સુરતના પૂરગ્રસ્ત...

હર્ષ સંઘવીએ આ પેકેજની વિગતો જાહેર કરતાં જણાવ્યું હતું કે, નાના વેપારીઓથી લઈને જીએસટી રિટર્ન ભરતા વેપારીઓ સુધી દરેક વર્ગને આવરી લેતું આ પેકેજ વેપાર-ધંધા ઝડપથી પૂર્વવત થાય અને સ્થાનિક અર્થતંત્રને ફરી ગતિ મળે તે હેતુથી તૈયાર કરવામાં આવ્યું છે. સંઘવીએ કહ્યું હતું કે, પૂરની પરિસ્થિતિ બાદ સુરત શહેરમાં ગંદકી અને રોગચાળાને અટકાવવા માટે રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું છે. સુરત મહાનગરપાલિકા ઉપરાંત રાજ્યના અન્ય મહાનગરોમાંથી 9 હજારથી વધુ સ્વચ્છતાદૂતોને સફાઈ કામગીરીમાં જોડવામાં આવ્યા છે, જેથી અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપથી સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત થઈ શકે. અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક રાહત પહોંચાડવાના પ્રયાસોના ભાગરૂપે 14 જુલાઈ, 2026 સુધીમાં કુલ 19,256 પરિવારોને રૂ. 9.62 કરોડની ઘરવખરી સહાય તેમજ 39,237 વ્યક્તિઓને રૂ. 3.53 કરોડની કેશડોલ સહાય ચૂકવવામાં આવી છે. આમ અત્યાર સુધીમાં કુલ રૂ. 13.15 કરોડની રોકડ સહાયનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

પૂરગ્રસ્ત વેપારીઓ...

- રોકડ સહાય માટે 30 સપ્ટેમ્બર, 2026 સુધીમાં સંબંધિત મહાનગરપાલિકા, મામલતદાર અથવા નગરપાલિકામાં અરજી કરવાની રહેશે.
- વ્યાજ સહાય માટે પેકેજ જાહેર થયાની તારીખથી છ માસની અંદર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં બેંક લોનના પુરાવા સાથે અરજી કરવી પડશે.
- સહાય મંજૂર કરવા માટે સુરત મહાનગરપાલિકાના ઝોન ડેપ્યુટી કમિશનર અથવા ગ્રામ્ય વિસ્તારમાં પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સમિતિ રચાશે.
- સહાય અંગે કોઈ વ